**વડોદરાના મે. એમ.ડી.વિરાણી સાહેબ જયુડી. મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં**

**ગુ.મુ. નં.**

**<u>ફરીયાદી</u>** – શ્રી સરકાર.

વિરૂધ્ધ

**<u>આરોપી</u>** –

**<u>:જુગારધારાની ક. ૪,૫ મુજબના ગુનાનો ઠરાવ :</u>**

આ કામે ફરીયાદી પક્ષના કેસની ટુકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ ફરીયાદમા જણાવેલ સમય અને સ્થળે એક મકાનમા પોતાના અંગત ફાયદા સારૂ પૈસાની હાર જીતનો જુગાર રમતા મળી આવતા જુગાર ધારાની ક. ૪–૫ મુજબનો ગુન્હો કરેલ જેથી તે અંગેનુ પંચનામુ કરી તેઓની ધરપકડ કરવામા આવેલ અને કાયદેસરની ફરીયાદ કરવામા આવેલી, તપાસના અંતે આરોપી સામે પુરતો પુરાવો જણાતા અદાલતમા ચાર્જસીટ કરવામા આવેલ છે.

આરોપીને અદાલત સમક્ષ રજુ કરતા, તેઓને પોલીસ તપાસના કાગળોની નકલ ભારતીયા ફોજદારી ધારાની ક. ૨૦૭ મુજબ વિના મુલ્યે આપવામા આવેલ છે અને તેઓને ગુના અંગે પુછી પ્લી રેકર્ડ કરતા, તેઓને ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે. અદાલત તરફથી તેઓને જણાવવામા આવેલ છે કે, તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી અને જો તેઓ પોતાના ખર્ચે વકીલ રોકી શકે તેમ ન હોય તો સરકાર તરફથી વકીલ મળી શકે તેમ છે. ત્યારબાદ પણ આરોપી પોતાનો કબુલ હોવાનુ જણાવેલ અને તે અંગે પોતાની સહીથી કબુલાત પુરશીશ આપેલ છે.

આરોપીએ એવી રજુઆત કરેલ છે કે તેઓ ખુબ જ ગરીબ વર્ગના છે. તેઓના ઘરમા પોતાના સિવાય કોઈ પણ ઈસમ કમાનાર નથી. હવે પછી ક્યારેય તેઓ કોઈપણ પ્રકારનો ગુનો કરશે નહી. તેઓ પોતાને સુધરવાની એક તક આપવા આજીજી કરે છે. જેથી દાયાભાવ રાખી ઓછી સજા કરવા અરજ ગુજારેલ છે. વધુમા તમામ આરોપીઓએ નો–કલેઈમ પુરશીશ આપેલ છે અને જણાવેલ છે કે સદર ગુનાના કામે કબજે કરવામા આવેલ મુદ્દામાલ તેઓ કલેઈમ કરવા માંગતા નથી.

નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧),જી.એલ.આર.૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરીચન્દ્ર ઠાકોરના કેસમા એવો સિધ્ધાંત પ્રસ્થાપતિ કરેલ છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમા લઈ નીચેની અદાલતમા કાયદામા કરેલ જોગવાઈ કરતા પણ ઓછામા ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ ઓછી સજા અને દંડ કરી તેને સુધરવાની તક આપવા ન્યાયોચિત માની કાયદાએ સુચવેલ ન્યુનતમા સજા કરતાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ આ અદાલતનુ માનવુ છે જેથી સજા અંગે આરોપીને સાભલ્યા બાદ ન્યાયના હિતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**<u>: હુ ક મ :</u>**

આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ ૨૫૨ અન્વયે જુગાર ધારા–૪,૫ મુજબ ના ગુના સબબ તકસીર ઠરાવી જુગારધારાની ક. ૪,૫ મુજબના ગુના સબબ આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા અને સંયુકત રૂા. ૧૦૦૦–૦૦ (અંકે રૂપીયા એક હજાર પુરા) એમ કુલ દંડ રુ. /– નો દંડ ભરવાનો તથા કોર્ટ ઉઠતા સુધીની દિન–૧ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.અને જો દંડ ન ભરે તો દિન–૧૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીઓએ મુદ્દામાલ રોકડ રકમ આજ દિન સુધી કલેઈમ કરેલ ન હોય, જેથી અપિલ સમય બાદ મુદ્દામાલ રોકડ રકમ નિયમોનુસાર સરકાર ખાતે જમા કરવાનો તથા કબજે કરેલ જુગાર સાહિત્યનો નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામા આવે છે. તેમજ આ કામે મુદ્દામાલ અંગે જો વચગાળાનો કોઈ હુકમ કરવામા આવેલ હોય તો તે આથી શરતો વિના કાયમ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ રોજ તા. / /૨૦૧૯ ના ખુલ્લી અદાલતમા જાહેર કરવામા આવે છે.

તારીખ : / /૨૦૧૯
વડોદરા

**( એમ.ડી.વિરાણી )**
૬ઠા એડી. જયુડી.મેજી.ફ.ક., વડોદરા
કોડ નં.જીજે.૦૧૩૬૨